વાર્ષિક લવાજમ રૂા. ૫૦
રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૮ : અંક - ૧૯ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : ઑક્ટોબર ૬, ૨૦૨૦

# આજની બીજી ઑક્ટોબરે

## આજના દિનની બંદગી

દેશ તો આઝાદ થતાં થઈ ગયો ,
તેં શું કર્યું ?
દેશ જો બરબાદ થતાં રહી ગયો,
એ પુણ્ય આગળ આવીને કોનું રહ્યું ?
'લાંચ રુશ્વત, ઢીલ, સત્તાદોર, મામામાશીના,
કાળાં બજારો, મોંઘવારી : ના સીમા !'
-રોષથી સૌ દોષ ગોખ્યા,
ગાળથી બીજાને પોંખ્યા.
આળ પોતાને શિરે આવે ન, જો ! તેં શું કર્યું ?
- આપબળ ખર્ચ્યું પૂરણ ? જો , દેશના આ ભાગ્યમાં તેં શું ભર્યું ?
સ્વાતંત્ર્યની કિંમત ચૂકવવી હર પળે;
સ્વાતંત્ર્યના ગઢકાંગરા : કરવત ગળે.
ગાફેલ, થા હશિયાર ! તું દિનરાત નિજ સૌભાગ્યને શું નિંદશે ?
શી સ્વર્ગદુર્લભ મૃત્તિકાનો પુણ્યમય તુજ પિંડ છે !
હર એક હિંદી હિંદ છે,
હર એક હિંદી હિંદની છે જિંદગી.
હો હિંદ સુરભિત કુલદલ અરવિંદ : એ સ્વાતંત્ર્ય દિનની બંદગી.

- ઉમાશંકર જોશી

❑

## વિમેન, વર્ક એન્ડ પીસ - બહેનો, કામ અને શાંતિ

'વિમેન, વર્ક એન્ડ પીસ' (બહેનો, કામ અને શાંતિ) જે ઈલાબેને આપેલા અસંગઠિત ક્ષેત્રને સ્પર્શતા જુદા-જુદા વિષયો પરની સ્પીચના સંપૂટનું પુસ્તક છે. બીજા શબ્દોમાં કહું તો, આ પુસ્તક તે 'સેવા'નો નિચોડ છે. તે ઈલાબહેનની જિંદગીના તાણાવાણા છે. આ પુસ્તકના ૨૭ અધ્યાય છે. હું તેને સ્પીચ નથી કહેતી. દરેકે-દરેક અધ્યાયની પહેલાં તે અધ્યાયની 'પ્રેસી' છે. અને અધ્યાયના અંતમાં માર્ગીબેન સાથેના સવાલ-જવાબ છે.. ઈન્ટરવ્યૂ છે.. જે ટૂંકા એક કે બે છે. જે જે-તે અધ્યાયના વિષયમાં આજની પરિસ્થિતિ શું છે તે સમજાવે છે. આમ, 'પ્રેસી-અધ્યાય-વાતચીતથી' વિષયની 'સમગ્રતા' પકડાય છે. વળી, દરેકે-દરેક અધ્યાય પોતાની રીતે અલગ છે, ભિન્ન છે પણ એકબીજાની સાથે તાદામ્ય સાધે છે. માર્ગીબહેન શાસ્ત્રી જેમણે આ પુસ્તક એડિટ કર્યું છે તેમણે પોતાની જવાબદારી બખૂબ નિભાવી છે. જે તેમણે નક્કી કરેલ ૨૭ સ્પીચ, તેની પ્રેસી અને સ્પીચના અંતે ઈલાબેન સાથેની વાતચીતમાંથી સ્પષ્ટ દેખાય છે.




આ પુસ્તકની પ્રસ્તાવના રેનાનાબેન ઝાબવાલા કે જે ચારદાયકાથી ઈલાબેનના સાથી છે તેમણે ખૂબ સહજતાથી નક્કર રીતે લખી છે. 'સેવા' તે શ્રમજીવીઓનું સંગઠન... જ્યોતિબેન મેકવાન કે જે તમાકુ કામદાર અને આજે તે ચૂંટાયેલા પ્રધાનમંત્રી 'સેવા'ની ધૂરા સંભાળે છે તેમજ 'સેવા'ના ચૂંટાયેલા પ્રમુખ એવા કપિલાબેન વણકર જે કહે છે કે, મારું જીવન અંધારી કોટડી જેવું ગુલામગીરીવાળું પણ, 'સેવા' સંગઠનની હિમ્મતથી જિંદગી બદલાયી તેવા તમાકુની ખેળી/ખેતરોમાં મજૂરી કરતાં બેને આ પુસ્તકને આર્શીવચન આપ્યા છે... આવા આ પુસ્તકનો રીવ્યૂ સેવાના જયશ્રીબેન, રીમાબેન, મિરાઈબેન, લલીતાજી અને નમ્રતાબેન કે, જેમની રગેરગમાં 'સેવા' છે તેમણે 'અનસૂયા'ના આ અંકમાં આપ્યો છે. આમ, 'અનસૂયા'નો આ અંક તે 'વિમેન, વર્ક એન્ડ પીસ' પુસ્તકના રીવ્યૂ પર છે. આશા છે કે, વાચકોને ગમશે...

**- મનાલી**

❑

## શ્રમજીવી બહેનોનું કામ લાવશે ભવિષ્યમાં શાંતિ

એકી બેઠકે અને તે પણ ચિકનગુનિયાની પીડા વચ્ચે કોઈ પુસ્તક વાંચ્યું હોય તો તે છે આપણા બેનનું 'વીમેન, વર્ક એન્ડ પીસ' પુસ્તક વાંચતા વાંચતા છેલ્લા સાડા ત્રણ દાયકાઓમાં કરેલા ઘણા બધા કામો સાર્થક છે તેની મને વધારે ઊંડી અનુભૂતિ થતી ગઈ.

'વીમેન, વર્ક એન્ડ પીસ'માં બેને અલગ અલગ સમયે આપેલી સ્પીચ છે તેટલે જ તે વાંચવી રસપ્રદ છે તેમ નહિ પણ દરેકે દરેક ભાષણમાં જે મૂળ સિધ્ધાંત છે તેના પાછળના ઊંડા ભાવાર્થનું વર્ણન કરેલ છે. એટલું જ નહીં પણ એની સાથે તેના વાસ્તવિક દાખલાઓ પણ આપેલા છે. આ ઘણા બધા દાખલાઓથી તો હું પોતે વાકેફ છું અથવા તો કોઈ જુદી પરિસિસ્થિતિમાં તે અનુભવ્યા પણ છે. આ કોઈ અર્થશાસ્ત્રીની થીયરી કે પછી કોઈ કાલ્પનિક વાર્તા સમાન નથી લાગતું પણ આપણી જ સભ્ય બહેનો અને ભારતની તેવી જ અસંખ્ય બહેનોની વાસ્તવિક જીવનની પરિસ્થિતિ છે.

જેમ કે, પુસ્તકનું ચેપ્ટર નં. ૧૨ જ્યાં બેન લખે છે કે ગરીબી એ પણ એક હિંસા છે અને માનવતાનું પતન છે. તેને ઊંડાણથી સમજાવતા શાકભાજીવાળી બહેનની વાસ્તવિકતા દર્શાવી છે. એક ટોપલામાં તે ટાઢ, તડકો, છાંયો જોયા વગર મહેનત કરીને કમાવા મથે છે અને જ્યારે તે પોલીસના દમનનો ભોગ બને છે. પોતાના બાળકોની સામે કોઈ વાંક કે ગુનો ના હોવા છતાં આવું અપમાન સહન કરવું અને તે પણ ક્યારેક નહીં પણ વારંવાર અને આથી જ તેને આપણે હિંસા કહીએ છીએ.

તેવી જ રીતે ચેપ્ટર નં. ૨૦, ૨૧ તથા ૨૩માં પણ જે પાયાના સિદ્ધાંતો આપેલા છે ફરીથી તે દ્રષ્ટાંત સાથે, જેમ કે, ટેક્નોલોજી એ કોઈ ખરાબ વસ્તુ નથી કે ટેક્નોલોજીનો કોઈ વિરોધ પણ નથી, પણ એવી ટેક્નોલોજી જોઈએ કે જે બહેનોની મહેનત, હાડમારી ઓછી કરે અને તેની ઉત્પાદનની ક્ષમતા વધારે. જેમ કે, મીઠાના અગરમાં કાળી મજુરી કરતી બહેનોને જ્યારે સોલર પંપ મળે છે ત્યારે આ બહેન કહે છે કે સૂરજ તો હંમેશા અમારી સાથે જ રહ્યો

તો પણ આજે આ સૂરજ અમારા માટે સોનાનો સૂરજ થઈ ગયો.

આ ઉપરાંત 'વીમેન, વર્ક એન્ડ પીસ પુસ્તક'માં અનસૂયાબેન એટલે કે મોટાબેન ઉપરનું ચેપ્ટર વાંચી ત્યારબાદ મોટાબેનની ગેલેરી જોઈએ તો ગેલેરી ઘણી જ રસપ્રદ અને શિક્ષણાત્મક બની રહેશે. તેવી જ રીતે પુસ્તક માં માઈક્રો ફાઈનાન્સ અને આરોગ્ય અથવા તો બહેનો અને ગરીબી અને તે કેવી રીતે એક હિંસાનું છુટું સ્વરૂપ છે. તે હ્રદયસ્પર્શી રીતે વર્ણન કરવામાં આવ્યું છે. હું પોતે જ સેવાની કારીગર સભ્ય બહેનો તથા પડોશી સાર્ક દેશોની કારીગર બહેનોને સંગઠિત કરી રહી છું પણ વૈશ્વિક સ્તરે તથા દેશ માટે તેનું જે મહત્વ છે તે તમે ૨૦ નંબર નું ચેપ્ટર વાંચો ત્યારે તેનો ઊંડો ભાવ ખ્યાલ આવે છે કે જયારે કારીગર બહેનો પોતે સંગઠિત થાય છે પોતાના નેટવર્ક બનાવે છે ત્યારે તેઓ કેવી રીતે સમૃધ્ધ બને છે. તેમની કારીગરી પણ સમૃધ્ધ બને છે સમાજ પણ સમૃધ્ધ બને છે.

સેવાના ઊગતા સંગઠકો, નવા જોડાતા પ્રોફેશનલોએ આ પુસ્તક અવશ્ય વાંચવું જરૂરી છે. દરેક યુનિવર્સિટીએ તેમના વિદ્યાર્થીઓને કોર્સમાં આ રીડીંગ મટિરિયલ તરીકે આપવું પણ જરૂરી છે. અનસૂયામાં દરેકે દરેક ચેપ્ટરનું અનુવાદ સીરીઝ તરીકે લઈ શકાય તો આપણે તમામ આગેવાનો જે આપણું ચાલકબળ છે તેમને પણ આનો ફાયદો મળી રહેશે.

**– રીમા નાણાવટી**

❑

# Reflections on "Women Work and Peace" by Elaben

I have had the pleasure of reading and listening to several of Elaben's inspiring speeches over the years. But to have them all collected and edited in one place ably by Dr Margie Sastry, and with brief discussions on each, is a real treat. Our long-time SEWA colleague Renana Jhabvala's insights in the preface provide an excellent overview of the ideas contained in the book. I have read and re-read them all and have singled out a few which made me especially reflect on Elaben's thoughts, ideas and vision for a just and equitable society which is respectful of all living beings and the environment. It could not have come at a better time---one where we are forced to re-think, refresh and re-set the way each of us and all of us collectively live our lives. Elaben has been inspired by Gandhiji's values and beliefs like constructive action, ahimsa or non-violence, 'swadeshi', 'swaraj', 'sarvadharam', promoting of local leadership and especially women's leadership.

"The Way Ahead: the 100 Mile Principle" contains these ideas and values that not only resonate with our work at SEWA, but also with me personally. As Elaben explains lucidly, "The 100 Mile Principle weaves decentralization, locality, size and scale to livelihood." She urges us to use things and services that we need and which are produced within a 100 mile radius: food, shelter, clothes, primary education and primary health care. In later writings she added financial services too. She also urges that we restore our organic link with Nature. Many of the other speeches in the book resonate with these themes and ideas. Here she also outlines the difference between 'swadeshi' which can be parochial and 'swaraj' which entails the idea of oceanic circles, and also suggests that the local and global are enmeshed and not a dualism or binary. In her later speeches and writings she has spoken of 'anubandh' ---how we are all inter-connected and inter-dependent, and also with the earth, and the need to reclaim this. I believe this can only happen if we develop ourselves spiritually and experience the fact that we are but a small part of the universe where each of us must play our part individually and together. And also how we can replace the "I" or ego with the "we" to truly be connected with each other and Nature. I would like to learn more from Elaben on this than is revealed in this speech.

The ideas of 'swaraj' and sustainability with a focus on local production and consumption surface again in the speech : "In Praise of the Grass Broom—Jhadoo". Here she traces the supply chain of the 'jhadoo'---where it originates, its many uses and how it comes back full circle and returns to the earth which produced it in the first place. I love this piece as it praises this simple tool. Elaben calls it "a woman's tool" and a "tool of the poor." She reminds us that it is a sustainable product and one that lives lightly on the earth. She also links the 'jhadoo' with local production and 'khadi'. She says 'khadi' is a worldview---one that honours all those who work with their hands and provides income to those who produce. She explains that Gandhiji chose 'khadi' carefully to build the local economy and to link urban and rural people. Like the simple 'jhadoo', she says 'khadi' and crafts are not our past but our future. These ideas are further developed and reiterated in her speech: "Khadi is the Way".

In her speech on 'khadi' she explains how 'khadi' is also a unifier and leveller and that it builds an economy of nurturance. She says we forget the spirit of 'khadi': that which is local, provides employment, is sustainable, respects manual labour and local people's control and promotes self-sufficiency. Like the simple 'jhadoo'. And hence she sees 'khadi' as building an economy of nurturance.

A paragraph in the speech on 'khadi' touched me deeply:

"Spinning is the act of binding together numerous fibres: like people, they are thin and fragile individually, but entwined, they form a strong thread. The weaving of these threads in to cloth paralleled the weaving of diverse groups of people into the fabric of a nation." In these times of division and fragmentation, we need to remind ourselves of how we can weave all human beings tighter and closer.

For taking these ideas forward and building a peaceful, inclusive world, and one which both respects Nature and places work and livelihood central to all we do, Elaben has no doubt that women are and will be the leaders. In "Where Women are the Leaders: Building a Gentler Economy", drawing on her long years of organising women into unions and cooperatives, she says that it is the collective that gives a poor woman strength and control over her life. She explains: "In woman, you get a worker, a provider, a caretaker, an educator, a networker. She is a forger of bonds…" She also stresses that feminine leadership is inclusive, focuses on the means and not just the ends, the group or collective and on integration rather than fragmentation. She further argues that it is this kind of leadership which we all require to save the planet, not the dominant male model. In our current situation where the pandemic has played havoc in every country, I could not agree with her more. Leaders who are practicing feminine leadership have shown us the way to face the pandemic and the devastation it has caused on people's health, livelihoods and well-being. But I would like Elaben to probe this model further---unpack it more for us, based on her wisdom and years of experience. My own experience is that feminine leadership is not the same as having female leaders who can be equally exclusionary, ruthlessly ambitious and non-cooperative. How does one ensure that the feminine leadership model is nurtured and promoted, so that women do not internalise the male model?

One of the speeches that most explains Elaben's thinking and the SEWA way is the one---" Women and Poverty: The Hidden Face of Violence with Social Consent"---which she delivered to students of McMaster University in Canada. She reiterates Gandhiji's view which she shares---that poverty is violence with tacit social consent. She explains what she means and outlines the structural and systemic ways poverty is perpetuated. She also describes vividly the many faces and levels of violence and injustice which perpetuate poverty—from the grassroots level to the highest levels of policy and legislation. The latter are distant from the poor and their reality and "are responsible for the outdated, irrelevant, impractical, unenforceable and at times, out and out exploitative laws and policies." Strong words from Elaben who is usually more mild-mannered in her reproach! But all of these are deeply rooted in the experiences of poor women to whom she has devoted her life and her work. We, her SEWA sisters, share the outrage she expresses here as we see the many injustices and exploitation faced every day by informal women workers, our members. She then explains the multi-faceted nature of poverty and how this can only be addressed through an integrated approach, and one where women take leadership and control over their lives. Finally, she speaks of SEWA's approach to poverty reduction---the joint action of struggle and development.

The last piece that I would like to reflect on is "Unions are Incomplete without Cooperatives" which I had the pleasure of listening to in person at the national workshop on women's cooperatives that SEWA organised with the ILO in Ahmedabad last year. SEWA's cooperatives grew out of our union, SEWA, and Elaben evocatively explains how the life of a woman dairy worker is transformed when she joins her dairy cooperative—she earns an income, is recognised as a producer and share-holder who receives a dividend from her own organisation. She finally gets the voice and visibility she deserves, as well as the representation in her organisation where she is the user, manager and owner. She emphasized the importance of the joint strategy of struggle and development though unions and cooperatives, noting that struggle is development---there can be no development without struggle and vice versa. She ends her speech by saying that cooperatives are the future and that unions will be incomplete without them.

Women, Work and Peace reveal Elaben as both a practitioner with a deep affinity for women, workers and the poor, and also as a deep thinker. She is a visionary who has always been ahead of her times---whether it was setting up one of the world's first informal women workers' unions---SEWA,SEWA Bank, SEWA Cooperative Federation or VimoSEWA. Her's is a holistic vision for a just and equitable world for women, for all workers and all human beings, and with respect for Nature. Her many years of work with women at SEWA and across India and globally has convinced her that justice and peace must be led by women, with work and livelihood central to all efforts and to poverty reduction. But she also recognises the need for an integrated approach with food security and social security intertwined with work and income security. The means to reach the goals of self-reliance is organising into unions, coopera-

tives and other collective people's organisations. She has always believed deeply in the power of organising as a first crucial building block to women's and all people's empowerment and self-reliance. The beauty of her writing lies in its simplicity. Never verbose, she is lucid, succinct and even lyrical many a time. She has a knack of explaining her ideas in a simple manner not tying the reader up in knots of complexity. Further, as there is congruence between her life, her work, her ideas and values, her writing rings true and authentic.

This book not only collectivises all her speeches but also gives the reader many ideas to reflect upon as our world faces unprecedented churning due to the pandemic. Her firm belief in 100 Miles or Anubandh---how we are all inter-connected and inter-woven into the web of life needs careful consideration by each one of us. Thank you Elaben for this treasure trove of ideas and experiences.

**Mirai Chatterjee, SEWA**
September 29th, 2020

❑

# પથસૂચક પુસ્તક

માનનીય શ્રી ઈલાબેન ભટ્ટ સાથે જ્યારે થોડા સમય માટે પણ કોઈ વાર્તાલાપ સંભાળવાનો મોકો મળે તો જાણે એમ લાગે છે કે આજે સારો સત્સંગ થયો. કાંઈક જાણવા, શીખવા મળ્યું છે. ખૂબ સંતોષ આપે અને ભવિષ્યની દિશા બતાવે.

હમણાં શ્રી ઈલાબેને લખેલું પુસ્તક વર્ક એન્ડ પીસ વાંચ્યું ત્યારે એમ લાગ્યું કે આ પુસ્તકમાં તો ઘણાં સત્સંગોનો સમૂહ મળ્યો. બધી જ સેવાની બહેનો તથા આ પુસ્તક જ વાંચશે તેમને આ પુસ્તકમાંથી ઘણું ઘણું જાણવા શીખવા મળશે.

આ પુસ્તક 'વીમેન વર્ક એન્ડ પીસ' મારી દૃષ્ટિએ શ્રેષ્ઠ પુસ્તકોની યાદીમાં સમાવિષ્ટ થવું જોઈએ. જેમાં તેમના લગભગ પાંચ દસકાઓના અનુભવનો નીચોડ છે અને આ અનુભવોના અમલીકરણ થયા બાદ લખેલી વાતો છે. આ બધા જ વાર્તાલાપોમાં શ્રમજીવી બહેનો કેન્દ્રમાં છે. જેમાં સ્પષ્ટ દૃષ્ટિકોણ દેખાય છે જે લોકો વિકાસલક્ષી કામ કરે છે તેમને ભવિષ્યની દિશા દૃષ્ટિ પણ બતાવે છે.

દરેક વાર્તાલાપ નો વિષય પોતે જ એક પુસ્તક બની શકે તેમ છે અને દરેક વિષય ખૂબ જ રસપ્રદ છે. દા.ત. નેશનલ ઈન્સ્ટીટ્યુટ ઓફ ડીઝાઈન અને નિફ્ટ ના યુવા વિદ્યાર્થીઓ ને ડીઝાઈન ને સામાન્ય લોકો સાથે જોડવાની વાત કરી છે, સો માઈલના સિધ્ધાંત ને અર્થતંત્ર તથા માવજત (Nurturance) સાથે જોડ્યા છે. મહિલા અને શાંતિ નો મુખ્ય મુદ્દો છે, તો સામાજિક સુરક્ષાનું મહત્વ સમજાવ્યું છે. માઈક્રો ફાઈનાન્સ ને સ્વાસ્થ સાથે જોડવું જરूરી છે તેમ સમજાવ્યું છે, સંકલિત અભિગમ ઉપર ખૂબ જ ભાર મુક્યો છે, જયારે માઈક્રો ફાઈનાન્સના નાણાંનો ઉપયોગ શ્રમજીવી મહિલાઓની ગરીબી ઓછી કરવા માટે વાપરવો જોઈએ, જેનાથી તેમની રોજગારી મજબૂત થાય અને આર્થિક રીતે મજબૂત થાય. આ સાથે એક ખાસ મહત્વ નો મુદ્દો - અર્થતંત્ર કેવું હોવું જોઈએ તે માટે છે કે એક એવા અર્થતંત્રનું નિર્માણ કરવું જેમાં હિંસા અને અસમાનતાનો નાશ થાય અને સમગ્ર માનવજાતિ, સમાજ અને પ્રકૃતિને શાંતિ પ્રાપ્ત થાય.

જો કે, મારી દૃષ્ટિએ આ સૌ મુદ્દા સાથે બીજા થોડા મુદ્દા સમાવી શકાય. જેમ કે - જ્યારે સામાજિક સુરક્ષાની વાત આવી ત્યારે એક ખાસ જરૂરી સેવા પણ ઉમેરી શકાય. ઘડપણમાં સલામતી આખી જીંદગી કામ કર્યા પછી જયારે કામ કરવાની શક્તિ ના રહે ત્યારે બહેનોને ઘડપણમાં સલામતી મળી રહે તે જરૂરી છે.

✓ શ્રમજીવી બહેનો ખૂબ જ મજૂરી કર્યા બાદ પણ - ક્યારેક શાહુકારના દેવામાં ફસાઈ જાય છે અને ત્યારે તેમની મજબૂરી માંથી બહાર કાઢવા બહુજ જરૂરી છે.

✓ અને છેલ્લે અત્યારે આધુનિક ટેકનોલોજીમાં અનેક પ્રકારની નવીનતા પણ આવી છે. આ ટેકનોલોજીનો ઉપયોગ કરે તો તેમની ગધ્ધા મજૂરી ઓછી થાય- સમય બચે- ખર્ચ બચે અને આત્મવિશ્વાસ પણ વધે.

એક સૂચન- આ પુસ્તકનું અનુવાદ અન્ય ભાષાઓમાં પણ થાય- ખાસ કરીને ગુજરાતીમાં, તો આપણી સૌ બહેનો આ પુસ્તક વાંચી શકે.

માનનીય શ્રી ઈલાબેનને ખાસ ખાસ અભિનંદન અને ખૂબ આભાર.

**જયશ્રી વ્યાસ**
**મેનેજીંગ ડીરેક્ટર - સેવા બેંક**

❑

# વીમેન, વર્ક એન્ડ પીસ પુસ્તકનો રિવ્યુ

શ્રી ઈલાબેન, સેવાના સ્થાપક અને અમારા બધા માટે બેન એમના વ્યક્તિત્વની જેમ બહુ જ સરળ ભાષામાં લખે છે અને જ્યારે સ્વાધ્યાય કરે અથવા આ પેપર્સ પ્રેઝન્ટ કરે ત્યારે પણ હંમેશા શ્રમજીવી બહેનોને કેન્દ્રમાં રાખીને બોલતા હોય છે. સ્વભાવિક છે કે એમના પેપર્સમાં પણ એ જ વાત આવે છે. ઈલાબેનને સેવામાં મેં પોતે છેલ્લા ૩૦ વર્ષોથી અનેક વિષયો ઉપર સાંભળ્યાં છે, પછી ડિઝાઈનના સ્ટુડન્ટ હોય કે આર્કિટેક્ચરના કે બનસ્થલીના વિદ્યાર્થીઓ.

ઈલાબેનના ૫૦૦ ભાષણમાંથી મેં ૨૭ પસંદ કર્યા છે, જે ભાષણ પસંદ કર્યા નથી તેનું કોઈ સચોટ કારણ નથી. આમ તો

આ બધા ભાષણનું કોઈ પણ રીતે મૂલ્ય આંકી શકાય તેમ નથી, ખૂબ જ મૂલ્યવાન છે. આ પુસ્તકમાં તેમના સૌથી પહેલાના ભાષણમાંના એક ભાષણ જે ૧૯૮૩માં નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન અમદાવાદના છાત્રોને સંબોધીને છે, જેમાં ઇલાબેનનું સચોટ સૂચન કે, ડિઝાઇન સામાન્ય માણસ, જે સામાન્ય જગ્યાએ કામ કરવામાં વ્યસ્ત છે તેને ક્યાં મદદ)પ થઈ શકે છે, તે હાલના સમયના ડિઝાઇનના છાત્રો માટે પણ સાચું પુરવાર થાય છે. બેન હંમેશા બધો શ્રેય સેવાના સભ્યોને આપે છે. હું વિદ્વાન નથી કે ના મેં કોઈ સંશોધન કર્યું છે, છતાં મારી પાસે માનદ્ અને ડૉક્ટરની ડિગ્રીઓ છે! પણ મેં ગાંધીજીના મૂળ સિદ્ધાંતોને મારી સેવાની બહેનો સાથે વહેંચ્યા છે અને અનુસર્યા છે અને કોઈપણ મુશ્કેલીનો સામનો કરવાના પ્રયાસ માટે ગાંધીજીએ ચિંધેલા માર્ગનો ઉપયોગ કર્યો છે, તેમના ૧૧ વ્રતનું અવલોકન કર્યું છે અને તેમાંથી શીખ્યા છીએ. તેઓ અનુભવે છે કે, તે આ બધા વિચારોને ઇચ્છિત પરિણામ માટે અને અમલીકરણ સુધી લઈ જવા સમર્થ નહીં હોય, પણ અન્ય લોકો આમ કરી શકે છે.

૫૦૦ પેપરમાંથી પસંદ કરેલા ૨૭ની યાદી :

૧. કઈ રીતે આપણે ડિઝાઇનને લોકો જોડે સુસંગત કરી શકીએ?
૨. ફેરિયાઓ માટે રાષ્ટ્રીય નીતિ
૩. સ્ત્રીઓને શોભે એવી કાર્યસૂચિ પ્રમાણેનો વિકાસ
૪. કોર્પોરેટ સામાજિક જવાબદારીઓઃ ભાવિ માર્ગ
૫. લઘુ વીમો એ સામાજિક રક્ષણ છે
૬. ઘર અને દુનિયાઃ ગૃહિણીના પરીપેક્ષમાં આંતરાષ્ટ્રીય સંબંધો
૭. સ્થાનિકનું વૈશ્વિકરણઃ સેવાની યાત્રા
૮. આગળનો રસ્તોઃ ૧૦૦ માઈલના સિદ્ધાંતો
૯. ખોરાક સલામતી માટે ઘટાડી શકાય જ નહીં
૧૦. જ્યાં બહેનો આગેવાન છેઃ હળવી ઇકોનોમી બનાવવી
૧૧. ઘાસની સાવરણી - ઝાડૂના વખાણમાં
૧૨. બહેનો, કામ, અને શાંતિ
૧૩. લઘુ નાણાકીય ધિરાણ અને આરોગ્ય
૧૪. અનસૂયાબેન સારાભાઈઃ મોટાબેન
૧૫. કામની કેન્દ્રીયતા
૧૬. બહેનો અને ગરીબીઃ સામાજિક મંજૂરીથી થતી હિંસાનું સંતાયેલું મોઢું
૧૭. બહેનો દ્વારા બદલાવની ઘોષણાઃ બહેનોને શોભે એવું પત્રકારત્વ
૧૮. સશક્તિકરણ એ એક ક્રિયા છે
૧૯. બહેનોના મુદ્દા રાષ્ટ્રીય મુદ્દા સમાન છે
૨૦. બહેનો, કામ, શાંતિઃ દક્ષિણ એશિયાના હસ્તકલાના કારીગરો આપણને શું કહી શકે છે
૨૧. ગાંધીજી આપણી સાથે છેઃ પાલનપોષણના અર્થતંત્રને બનાવવું
૨૨. પાલનપોષણના અર્થતંત્રને બનાવવુંઃ બેન્કિંગ ક્ષેત્રની ભૂમિકા
૨૩. ગ્રામીણ અર્થતંત્રના વિકાસ માટે ટેક્નોલોજીનો ઉપયોગ
૨૪. અર્થશાસ્ત્રીઓ, મજૂરોના સાથી
૨૫. પરંપરાગત બજાર
૨૬. ખાદી એ જ એક રસ્તો
૨૭. સહકારી મંડળીઓ વગર યુનિયન અપૂર્ણ છે

ઇલાબેન વર્ષોથી જે રીતે કામ કરે છે, વિચારે છે, સેવાના સભ્યોના જીવનમાં ઊંડા ઊતરે છે, તેમની તકલીફોમાં ઊભા રહે છે તે સમજવાનું શરૂ કર્યું. એ જ સમયે આ બધા મુદ્દાઓનું સામાજિક સ્તરે વિશ્લેષણ કરવા અને કઈ નીતિઓ તથા માનસિકતા બદલવાની જરૂર છે, જેની ઓળખ તેમના અસરકારક પગલા, લખાણ અને તેમના ભાષણ દ્વારા સક્ષમ બની તથા તેમની ગાંધીજીની વિચારધારા માટેની ઊંડી પ્રતિબદ્ધતા અને તેમની સાથે તેમની જીવન જીવવાની શૈલી જોવા મળે છે.

ઇલાબેન દુનિયામાં શાંતિ અને સંવાદિતા લાવવાને મહત્ત્વનું માને છે. તેઓ ન્યાય માટે અહિંસક સંઘર્ષમાં માને છે. તેઓ સંશાધનોના થતાં વધુ ઉપયોગની સામે સાદાઈને જવાબદાર માને છે. તેઓ કામને મહત્ત્વ આપે છે. તેને જીવન જીવવાની રીત માને છે. તેઓ તેમની માન્યતાઓના અનુસરણમાં તેમની વ્યક્તિગત કામગીરીનું જીવન જીવે છે. આ બધી માન્યતાઓને તેમના પોતાના નક્કર જીવન પર લે છે. ગરીબ બેહનોની જીંદગી બદલવા તેમની સાથે કામ કરે છે. આ પ્રક્રિયામાં હોદ્દેદારોની માનસિકતા બદલવી, આ બધી માન્યતાઓ, વિચારો તથા જડબેસલાક વિચારધારાઓમાં આકાર લે છે. આ પુસ્તકમાં તેમના કેટલાંક વિચારો એક ચાલી રહેલી માન્યતાઓની સાંકળમાંથી ઊભરાયા છે. જે મહિલાઓના જીવનને સમજવામાં વળાંક લે છે, જે બદલાવ અને સ્પષ્ટ મુદ્દાઓ વ્યક્ત કરવા માટે આગળ પગલાં ભરાવે છે. જેથી નીતિઓ સુધરે છે અને આ મંથન આગળ મોટા વિચારોને વધારે મજબૂત કરવા દોરે છે.

આ પુસ્તકમાંના કેટલાંક વિષયો આ પ્રક્રિયાના પ્રતિબિંબ છે. ઇલાબેન બેનોને સામાજિક બદલાવ માટેના આગેવાન તરીકે જુએ છે. ગાંધીજીના વિચારોમાંથી એવું ઉદ્ભવે છે કે, અહિંસક સંઘર્ષમાં બેનો સ્વાભાવિક રૂપે વધારે સક્રિય આગેવાન છે. ઇલાબેનના નિષ્કર્ષ મુજબ ફક્ત સિદ્ધાંત દ્વારા નહીં પરંતુ, ખરેખર રોજબરોજના થતાં કામોને જોઈને બેનો સક્રિય આગેવાન છે. જેના ઉદાહરણરૂપે, વેચનારાઓ તેમની બજારને વધુ સારી સ્થિતિએ લઈ ગયા. તે સાથે વેચનારાઓની મ્યુનિસિપાલિટી અને નીતિ બનાવનારા સાથે લૉબિંગ કરીને, કોર્ટના સંપર્ક કરીને, કામના

સમુદાયો વિષે બદલાવ લાવીને. કોમી રમખાણ જેવા કટોકટીના સમયે બહેનો શાંતિની પ્રક્રિયા સુધી લઈ ગયા છે, ભૂકંપ અને પૂર જેવી આપત્તિના સમયે બેહનોએ પુનર્વર્સન સુધીના કામો કરીને, સેવાબેંકમાંથી લોન લઈને બેહનો તેમના પરિવારને ગરીબીમાંથી બહાર લાવે છે. તે જ રીતે પર્યાવરણ ચળવળ, લઘુ નાણાંકીય ધિરાણ ચળવળ જેવી મોટી ચળવળોનો આરંભ બેહનો દ્વારા થયો છે ને આગળ લઈ ગયા છે. આ બધી ઉપલબ્ધ નીતિઓ થકી ઇલાબેન કહે છે કે,બેહનો અહિંસક ચળવળમાં આગળ છે.

બીજો એક વિષય જે સતત ઊભરીને આવે છે જે એ છે કે, કામની કેન્દ્રીયતા. ઇલાબેન સમજાવે છે કે તેમનું જીવન ગરીબોની વચ્ચે રહ્યું છે અને તેમની માટે કામ એ કેન્દ્ર સ્થાને છે. આ સમજણ સેવામાં બધા માટે સમાનરૂપે સાચી છે. સેવામાં જે બેહનો મળે તેઓ રોજગારની જરૂરત, આવક અને વધુ સારી કામ કરવાની સ્થિતિ માટેની વાત કરે. જે બેહનો કામ નથી કરતી એ પણ કહે છે કે તેમને પણ રોજગાર લેવું ગમશે કારણકે પરિવારને મદદ કરવાનો આ પ્રાથમિક રસ્તો છે, જે આવક કરતાં પણ વધારે છે અને જીવન જીવવાનો પણ રસ્તો છે અને પોતાની જાતની કિંમત આંકવાનું માપ છે. ગાંધીજીએ ભારપૂર્વક કહ્યું છે કે, ગરીબ લોકોના જીવનની હકીકત એ છે કે, હાથેથી કરેલા કામનો પડઘો પડે છે.

શાંતિ એ અહિંસક સંઘર્ષનું પરિણામ છે અને ઇલાબેનનું જીવન અને કામ સેવા થકી શાંતિ ને સંવાદિતાથી તૈયાર થયું છે જે વિભિન્ન કામ કરતાં અલગ અલગ ધર્મના બહેનો શાંતિપૂર્વક ચળવળને આગળ વધારવા જોડાય છે. દેશના ભાગલાના પરિણામ સ્વરૂપે સમાજમાં અલગ-અલગ લોકોમાં ભાગ પડી ગયા છે, તેને લઈને ઇલાબેન પણ ચિંતામાં રહે છે. તેમની દ્રઢ માન્યતા છે કે, દક્ષિણ એશિયામાં લોકોએ સરહદની પેલી બાજુથી શાંતિ માટે આવવું જોઇએ. આ માટે તેમણે કેટલાક પ્રયાસો પણ કર્યા છે, જેથી બહેનો એકબીજા સાથે હળીમળીને કામ કરે, તેમના ભાષણમાં જણાવ્યા મુજબ આ બાબત તેમનો વિશ્વાસ સાર્થક થયો છે. પાકિસ્તાન, ભારત, નેપાળ, શ્રીલંકા, બાંગ્લાદેશ, અફઘાનિસ્તાન અને ભૂતાનથી ઘરખાતા બેહનો જોડાયા અને એક સાથે કામ કર્યું. એકબીજા વચ્ચે કામ અને કામ કરવાની રીતની આપ-લે થઈ, એકબીજા સાથે બેસીને જમ્યા અને ઘર પરિવારની વાતોની આપ-લે કરી અને છેલ્લે વતન ફરવાના સમયે એકબીજાને અશ્રુભીની વિદાય આપી. તે માટે આ બહેનો જ છે જે રાજનીતિક તફાવતોથી ઉપર આવીને હિંસાને વિવાદોથી અસ્તવ્યસ્ત વાતાવરણમાં જે-તે વિસ્તારોમાં શાંતિ લાવી શકે. આમ, ઇલાબેનની વિચારધારા અને નવા સ્વરૂપમાં આકાર આપતા પગલાઓ રૂપી કામમાં એક આંતરાષ્ટ્રીય પરિમાણ હોય છે. છેલ્લાં કેટલાક વર્ષોમાં તેમની વિચારણા વિસ્તૃત થઈને દુનિયા, લોકો અને પ્રકૃતિને એક સમાન દોરવા માટે વિકસી છે. હવે તેઓ ‘મહાસાગર વર્તુળ’માં વિચારે છે, લખે છે, બોલે છે, જે દુનિયાને જોડવા અનુબંધ સુધી આગળ લઈ જાય છે, જ્યાં દુનિયાના એક ભાગમાં લેવાયેલા અસરકારક પગલા દુનિયાના બીજા કોઈ ભાગમાં બદલાવ લાવી શકે છે. આ પુસ્તકમાં તેમના જેટલા પણ ભાષણ છે તે બધા એક દોરાની જેમ પ્રતિબિંબિત કરે છે, જે આપણને સૌને એક જૂથ બાંધી રાખે છે.

આ પુસ્તકનો ખંડ માર્ગી શાસ્ત્રી દ્વારા પ્રસંશનીય રીતે સંપાદિત કરવામાં આવ્યો છે. ઇલાબેનના ભાષણોનું વર્ગીકરણ કરવામાં, તેમાંથી સૌથી સુસંગત ભાષણ લઈને, છેવટે બધી વસ્તુઓને ક્રમબદ્ધ ગોઠવી છે. કદાચ સૌથી રસપ્રદ દરેક પ્રકરણના અંતમાં ઇલાબેન સાથેના તેમના ઈન્ટરવ્યુ છે, જ્યાં ઇલાબેન કઈ રીતે વિચારે છે, શું અનુભવે છે અને શા માટે તેઓએ ચોક્કસ ભાષણ આપ્યું છે તેનું રસપ્રદ દૃશ્ય આપણને જોવા મળે છે. દરેક પ્રકરણમાં આપેલા નાના સાર, ભાષણ, વ્યક્તિગત ઈન્ટરવ્યુ અને બધાનું સંયોજન તે વ્યાપક શ્રેણીના વાચકો માટેનું પુસ્તક બનાવે છે. જે રસપ્રદ વાચકો છે, તેઓ પ્રગતિમાં, સંગઠીકરણમાં કે મહિલાઓના સશક્તિકરણમાં તેમના કામ અને રસ ને લઈને આ બધા ભાષણને ખૂબ જ સુસંગત રીતે શોધશે. જયારે સામાન્ય વાચકો ખાસ કરીને યુવાનો, આમાંથી તાજા વિચારો શોધશે અને ઈન્ટરવ્યુમાં ઉજાગર થયેલી ઇલાબેનના અનોખા મનની કામ કરવાની રીતને માણશે. જે લોકોને ઇલાબેનના વિચારો એક નજરમાં સમજવા છે તેઓ ફક્ત પુસ્તકનો સાર વાંચી શકે છે.

સેવા ચળવળ અને અમે બધા બહેનો ‘બેન’ને ખૂબ જ આભારી છીએ જેમણે હમેશા શ્રમજીવી બહેનોના અવાજને દૃશ્યમાન કરવા, તેમના અનુભવ, શક્તિઓ, એમના બનાવેલ સંગઠનોને મહત્ત્વ આપી ને આવી ચોપડીઓ દ્વારા દૃશ્યમાન કર્યું છે અને મુખ્યપ્રવાહ માં બુદ્ધિજીવીઓ, વિદ્યાર્થીઓ, નીતિ બનાવનારાઓની સામે આ સચ્ચાઈને મૂકી છે .

**— નમ્રતા બાલી**

❑

# Review of The Book

Women, work and peace is a collection of 27 speeches by Ela Bhatt, delivered at various forums, institutions, universities, trade and industry and professional international organisations. It is edited and introduced by Margi Sastri. It is the story of poor self-employed women and the challenges they face in their life cycle and SEWA’s experience of working with them.

The book has a very interesting format – each speech has a precis by Renana Jhabwala, a quote from some of Elaben’s writings and ‘in conversation’ with the editor which give insights into the concept and ideas of

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis publisher Date on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.
Ahmedabad P.S.O.
6-10-2020

the speech. This gives the reader the opportunity to scan, read and to understand the nuances of the concept.

Elaben is a visionary. She planted a seed and it became a banyan tree. Invisible, unorganized, unaccounted, un-insurable, un-bankable, unprotected were some the words used for the poor, self-employed women. These words then paved the way for microcredit, micro-finance, micro-insurance, bankable and a collective force, much against the prevailing traditional systems.

The speeches have a broad vision and covers a span of 4 decades of SEWA's experience of working in the informal sector. Today some of it's innovative ideas, actions and advocacy have been replicated at the national and international level.

Talking of Design – Elaben says "Design should not be elitist, but must relate and be relevant to the people." To reach design to the common people, it has to be technologically feasible and economically viable. Design influences what we think, way we feel and the decisions we make. It seeks to solve humanitarian issues like improving living conditions for its beneficiaries. Design has shaped society and can cause social impact. For e.g. SEWA's partnership with NID on Space Management Design for a paani-puri vendor from her house or a hand-cart design for a vegetable vendor.

"Spinning is the act of binding together numerous fibres : like people they are thin and fragile individually, but entwined, they form a strong thread." – says Elaben. This precisely is the joint strategy of SEWA's unions and co-operatives. Co-operatives still remain the third sector of the economy. They are the future of work for the informal sector. Sustaining a co-operative and ensuring it's economic viability needs long term interventions and continued support. Hence it is imperative that they get access to transferable knowledge, tools, techniques, technologies, marketing and management skills. This in-turn generates employment and empowers them socially and economically; leading them to self-reliance and freedom.

On Khadi, she adds "Khadi is more than a cloth or symbol. It is a way of life." Khadi played a special role in the freedom movement. Today Khadi has become from 'freedom fabric' to 'fashion fabric'. Hand spun & hand woven is an added value in the fashion circles thus depriving the common man from using it. How can we get it back as a part of the village economy and ensure that Khadi is a living idea and can be invented over and over again.

**- Lalita Krishnaswami**

❑

**Place to Send Subscription :**

## Shree Mahila SEWA Anasooya Trust

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** **6-10-2020**

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001